**આંક–૧૩.**

શ્રી ડી. જે. ઠાકર, પ્રમુખ અધિકારી, મજૂર અદાલત નં.ર, અમદાવાદ સમક્ષ.
રેફરન્સ (એલ.સી.એ) નં.૩૧૮/૨૦૧૦.

**પ્રથમ પક્ષકાર :–**

**૧.** મેનેજરશ્રી વાડીલાલ ઈન્ડસ્ટ્રીઝ લિ.,
પાણીની ટાંકી પાસે, દૂધેશ્વર, અમદાવાદ.

**ર.** આર.પી.સી.કોર્પોરેશન (લે.કોન્ટ્રા)
C/o.વાડીલાલ ઈન્ડસ્ટ્રીઝ લિ.,

**: વિ રૂ ઘ્ધ :**

**બીજા પક્ષકાર :–**

**૧.** શ્રી મનોજકુમાર સુરેન્દ્રભાઈ શાહ,
C/o. અખીલ ગુજરાત જનરલ મઝદૂર સંઘ,
બીજો માળ, અરબ ચેમ્બર્સ, પત્થરકૂવા,
રીલીફ રોડ, અમદાવાદ–૧.

| | | |
|---|---|---|
| **વિષય** | : | **આઈ.ડી.એકટની ક.૧૦(૧)(સી) મુજબ ઔદ્યોગિક વિવાદ.** |
| પ્રથમ પક્ષકાર તરફે | : | શ્રી ડી. સી. ગાંધી. |
| બીજા પક્ષકાર તરફે | : | શ્રી વી. કે. કાઝી. |

**–:: <u>એ વો ર્ડ</u> ::–**

**૧.** મદદનીશ શ્રમ આયુકતશ્રી અમદાવાદે તેમના તા.૧૦/૩/૨૦૧૦ ના હુકમ નં. કેએચ–એસએચએમસી–આર–એજે/આઈડીઆર–૪/૧૦ થી સદરહુ રેફરન્સ ન્યાયનિર્ણય અર્થે અત્રેની અદાલતને સુપ્રત કરવામાં આવેલ છે.

**: અ નુ સૂ ચિ :**
**–––––––**

'' શ્રી મનોજકુમાર સુરેન્દ્રભાઈ શાહને પડેલા દિવસોના પૂરા

પગાર સાથે તેમજ તમામ આનુષાંગિક લાભો સાથે તેમની મૂળ જગ્યાએ નોકરીમાં પુન: સ્થાપિત કરવા જોઈએ કે કેમ ? ''

**૨.** આ કામમાં આંક–૨ થી નોટિસ કરવામાં આવેલ, જે બેલિફના શેરા મુજબ પરત કરેલ છે, આંક–૩ થી બીજા પક્ષકારના પ્રતિનિધીનું અધિકાર પત્ર રજૂ છે.

**૩.** આ કામમાં આંક–૪ થી બીજા પક્ષકારે માંગણાનું નિવેદન રજૂ કરેલ છે જેની ટૂંકમાં વિગત એવી છે કે તેઓ પ્રથમ પક્ષકાર નં.૨ ધ્વારા નં.૧ સંસ્થામાં છેલ્લા ૭ વર્ષથી કેન્ડી ખાતામાં પેકીંગ કરવાની કામગીરી વફાદારીથી બપોરે ૩:૩૦ થી રાતના ૧૨:૦૦ સુધી ફરજો બજાવતા હતા અને દૈનિક રૂા.૭૫/– લેખે માસિક પગાર ચૂકવવામાં આવતો હતો, તેઓએ નોકરીના તમામ વર્ષોમાં ૨૪૦ દિવસ ઉપરાંત ફરજો બજાવેલ હતી અને તેઓ કાયમી કામદાર હતા. તેઓ પ્રથમ પક્ષકારમાં દાખલ થયેલ હતા ત્યારે ઓળખ પત્ર, નિમણૂંક પત્ર વગેરે આપવામાં આવેલ નહિ, આમ છતાં એકાએક નં.૧ એ તેઓને નં.૨ કોન્ટ્રાકટ પૂરો થયેલ હોવાથી મૌખિક હુકમથી તા.૩૧/૧૦/૨૦૦૦ ના રોજથી છૂટા કરી દીધેલ છે. છૂટા કરતા અગાઉ મળવા પાત્ર કોઈપણ જાતના હકક કે લાભો ચૂકવ્યા વગર કે બચાવની તક આપ્યા વગર બેકારીના ખપ્પરમાં હોમી દીધેલ છે અને છૂટા કર્યા બાદ પુન: સ્થાપિત થવા નોટિસ મોકલાવી, મદદનીશ શ્રમ આયુકત સાહેબ સમક્ષ પુન: સ્થાપિતની ફરિયાદ પણ લખાવેલ, ત્યાં પણ પ્રથમ પક્ષકાર તરફે કોઈ જવાબદાર વ્યકિત કે એડવોકેટ હાજર રહેલ ન હતા કે તેઓને પુન: સ્થાપિત કરવાની કોઈપણ તસ્દી લીધેલ ન હતી. તેઓને નોકરીમાંથી છૂટા કર્યા બાદ તેઓએ બીજી અન્ય જગ્યાએ નોકરી મેળવવા ઘણાં પ્રયત્નો કરેલ હતા અને હાલમાં પણ પ્રયત્નો ચાલુ જ છે, પરંતુ તેઓને કામ કે નોકરી મળેલ નથી

અને હાલ બિલકુલ બેકાર છે. પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામ હાલમાં પણ ચાલુ જ છે, પરંતુ હાલમાં નવા/જુનિયર કામદારને કામ રાખેલા છે, જો પ્રથમ પક્ષકાર કામે રાખે તો આ વિવાદ ઉભો રાખીને કામે જવા તૈયાર છીએ તેમ જણાવી દાદ માંગેલ છે કે આ કામના પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને કાયદેસરની કાર્યવાહી વગર કે કાયદેસરના હકકો ચૂકવ્યા વગર એકમાત્ર મૌખિક હુકમથી તા.૩૧/૧૦/૨૦૦૦ ના રોજથી છૂટા કરેલ છે અને સંસ્થાનું આ પગલું ગેરકાયદેસર, આઈ.ડી.એકટ તથા કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરૂધ્ધનું કૃત્ય છે તેમ જાહેર કરી, તે રદબાતલ ઠરાવવા અને પડેલા દિવસોના પૂરા પગાર તથા અન્ય તમામ આનુષાંગિક લાભો સહિત તેઓની મૂળ જગ્યાએ સળંગ નોકરી ગણી પુન: સ્થાપિત કરે તેવો હુકમ કરવા અને આ વિવાદનું ખર્ચ રૂા.૫,૦૦૦/– અપાવવા અરજ કરેલ છે.

**૪.** આ કામમાં આંક–૫ થી બીજા પક્ષકારે પૂરાવા રજૂ કરેલ છે જે નીચે મુજબ છે.

| ક્રમ. | વિગત. |
|---|---|
| ૧. | પ્રથમ પક્ષકાર નં.૧ ને નિવેદન મળી ગયાની એ.ડી.ની સ્લીપ. |
| ૨. | પ્રથમ પક્ષકાર નં.૨ ને નિવેદન મળી ગયાની એ.ડી.ની સ્લીપ. |

**૫.** આ કામમાં આંક–૬ થી પ્રથમ પક્ષકાર તરફે વકીલાતનામું રજૂ છે, આંક–૭ થી લેખિત જવાબ રજૂ કરવા માટેની મુદૃત અરજી છે, આંક–૮ થી પ્રથમ પક્ષકારનો જવાબ રજૂ કરવાનો હકક બંધ કરવા અરજ કરેલ છે, આંક–૯ થી લેખિત જવાબ રજૂ કરવા માટેની મુદૃત અરજી છે.

**૬.** આ કામમાં આંક–૧૦ થી પ્રથમ પક્ષકાર નં.૧ તરફે જવાબ રજૂ કરેલ છે જેની ટૂંકમાં વિગત એવી છે કે માંગણાનાં નિવેદનમાં જણાવેલી હકીકત ખરી નથી

અને કબૂલ મંજૂર નથી અને તે બીજા પક્ષકારને સ્પષ્ટપણે સાબિત કરવા જણાવીએ છીએ તેમ જણાવી સત્ય હકીકતો પ્રત્યે નામદાર કોર્ટનું ધ્યાન દોરીને જણાવે છે કે પ્રથમ પક્ષકાર નં.૧ કંપનીએ બીજા પક્ષકારને કયારેય પણ કંપનીના કામદાર તરીકે કામ ઉપર રાખેલા ન હતા તેમજ માલિક અને કામદારનો સબંધ પ્રસ્થાપિત થયેલ ન હતો, તે સંજોગોમાં કંપની સામે કરેલો રેફરન્સ કેસ કાયદેસર રીતે ચાલી શકે તેમ ન હોય રદ થવાને પાત્ર છે. પ્રથમ પક્ષકાર નં.૧ ની વધુમાં રજૂઆત છે કે કંપનીએ પ્રથમ પક્ષકાર નં.ર આર.પી. કોર્પોરેશનને કોર્ન/કેન્ડી ડિપાર્ટમેન્ટમાં લેબર કોન્ટ્રાકટ આપેલ હતો અને નં.ર કોન્ટ્રાકટમાં કામ માટે પોતાના માણસો રોકતા હતા અને કોન્ટ્રાકટનું કામ કરવા માટે જે વ્યકિતઓને રાખતા હતા તે વ્યકિતઓ ઉપરનું સુપરવિઝન અને સંપૂર્ણ કંટ્રોલ નં.ર નો હતો, આ વ્યકિતઓને પગાર નં.ર ચૂકવતા હતા અને હાજરી પણ નં.ર કોન્ટ્રાકટર પૂરતા હતા. પ્રથમ પક્ષકાર નં.૧ ની વધુમાં રજૂઆત છે કે ર૦૦૪ માં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની નોટિસ આવેલ હતી, જેમાં એમોનિયા ગેસનો ઉપયોગ થતો હોય સદર અમદાવાદનું યુનિટ બંધ કરવા બાબતેની નોટિસ આવેલ હતી. ત્યારબાદ નં.૧ કંપનીના અમદાવાદ યુનિટમાં ઉત્પાદનની કામગીરી બંધ છે, કંપનીના કામદારો નોકરીમાંથી રાજીનામું આપી છૂટા થયેલ છે અને કંપનીમાં ચાલતા કોન્ટ્રાકટ પણ રદ કરવામાં આવેલ હતા. કોન્ટ્રાકટ હેઠળ કામ કરતા કામદારોવતી અખિલ ગુજરાત જનરલ મઝદૂર સંઘે માંગણીઓ મૂકેલ અને અને સદર માંગણીના અનુસંધાનમાં વાડીલાલ ઈન્ડસ્ટ્રીઝ લિ., શિવશકિત એન્ટરપ્રાઈઝ અને અખિલ ગુજરાત જનરલ મઝદૂર સંઘ વચ્ચે આઈ.ડી.એકટની ક.૧ર (૩) હેઠળ તા.૧૪/૧ર/ર૦૦૪ ના રોજ ફુલ એન્ડ ફાઈનલ સેટલમેન્ટ કરવામાં આવેલ હતું અને સદરહુ સમાધાનથી નં.૧ કંપનીમાં ચાલતા તમામ

કોન્ટ્રાકટ રદ થયેલ ગણાશે અને કોન્ટ્રાકટમાં આ કામના બીજા પક્ષકાર નં.ર ના કોન્ટ્રાકટરના કામદાર તરીકે કામ કરતા હતા અને તેઓ સને'ર૦૦૦ ના રોજથી તેઓ જાતે કામ પર આવતા બંધ થઈ ગયેલ હોય ઉપરોકત સમાધાન મુજબનો હકકો પણ મેળવવા માટે હકદાર થતા નથી, આમ નં.૧ વચ્ચે માલિક કામદારનો સબંધ પ્રસ્થાપિત થતો ન હોય સદરહુ રેફરન્સ ખર્ચ સહિત રદ થવાને પાત્ર છે.

**૭.** આ કામમાં આંક–૧૧ થી બીજા પક્ષકારનો પૂરાવો બંધ કરવા અરજ કરેલ છે.

**૮.** આ કામમાં આંક–૧ર થી બીજા પક્ષકારે પૂરાવા રજૂ કરેલ છે જે નીચે મુજબ છે.

| ક્રમ. | વિગત. |
|---|---|
| ૧. | બીજા પક્ષકાર અરજદારને મુદૃતમાં હાજર રહેવા લખેલ પત્ર. |
| ર. | સદર પત્ર મળી ગયાની એકનોલેજમેન્ટની સ્લીપ અસલ. |

**૯.** આ કામે દલીલો સાંભળી કામ હુકમ ઉપર લેવામાં આવેલ છે.

**૧૦.** કેસનું રેકોર્ડ જોતાં આ કેસના ન્યાયનિર્ણય માટે નીચે મુજબના મુદૃાઓ ઉપસ્થિત થાય છે.

**મુદૃા :–**

.૧. શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે તેઓને પ્રથમ પક્ષકાર સંસ્થાએ ઔદ્યોગિક વિવાદ ધારાની જોગવાઈઓનો ભંગ કરી ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છૂટા કરેલ છે ?

.ર. શું બીજા પક્ષકાર પડેલા દિવસોના પૂરા પગાર તથા તમામ મળવા પાત્ર આનુષાંગિક લાભો સાથે નોકરીની સાતત્યતા સાથે નોકરીમાં મૂળ જગ્યાએ પુન: સ્થાપિત થવા હકદાર છે ?

.૩. શુ હુકમ ?

**૧૧.** ઉપરોકત મુદૃાઓનો મારો નિર્ણય નીચે જણાવેલ કારણસર નીચે

મુજબ છે.

**<u>નિર્ણય:</u>**–

(૧) નકારમાં.

(૨) નકારમાં.

(૩) આખરી હુકમ મુજબ.

**–:: <u>કા ર ણો</u> ::–**

**<u>મુદૃા નં.૧ અને ૨</u>** :–

**૧૨.** બીજા પક્ષકારનો કેસ એવો છે કે તેઓ પ્રથમ પક્ષકાર નં.ર ઘ્વારા નં.૧ સંસ્થામાં છેલ્લા ૭ વર્ષથી કેન્ડી ખાતામાં પેકીંગ કરવાની કામગીરી વફાદારીથી બપોરે ૩:૩૦ થી રાતના ૧૨:૦૦ સુધી ફરજો બજાવતા હતા અને દૈનિક રૂા.૭૫/– લેખે માસિક પગાર ચૂકવવામાં આવતો હતો, તેઓએ નોકરીના તમામ વર્ષોમાં ૨૪૦ દિવસ ઉપરાંત ફરજો બજાવેલ હતી અને તેઓ કાયમી કામદાર હતા. તેઓ પ્રથમ પક્ષકારમાં દાખલ થયેલ હતા ત્યારે ઓળખ પત્ર, નિમણૂંક પત્ર વગેરે આપવામાં આવેલ નહિ, આમ છતાં એકાએક નં.૧ એ તેઓને નં.ર કોન્ટ્રાકટ પૂરો થયેલ હોવાથી મૌખિક હુકમથી તા.૩૧/૧૦/૨૦૦૦ ના રોજથી છૂટા કરી દીધેલ છે. છૂટા કરતા અગાઉ મળવા પાત્ર કોઈપણ જાતના હકક કે લાભો ચૂકવ્યા વગર કે બચાવની તક આપ્યા વગર બેકારીના ખપ્પરમાં હોમી દીધેલ છે અને છૂટા કર્યા બાદ પુન: સ્થાપિત થવા નોટિસ મોકલાવી, મદદનીશ શ્રમ આયુકત સાહેબ સમક્ષ પુન: સ્થાપિતની ફરિયાદ પણ લખાવેલ, ત્યાં પણ પ્રથમ પક્ષકાર તરફે કોઈ જવાબદાર વ્યકિત કે એડવોકેટ હાજર રહેલ ન હતા કે તેઓને પુન: સ્થાપિત કરવાની કોઈપણ તસ્દી લીધેલ ન હતી. તેઓને નોકરીમાંથી છૂટા કર્યા બાદ તેઓએ બીજી અન્ય જગ્યાએ નોકરી મેળવવા ઘણાં પ્રયત્નો કરેલ હતા અને હાલમાં પણ પ્રયત્નો ચાલુ જ છે, પરંતુ તેઓને કામ કે નોકરી મળેલ નથી

અને હાલ બિલકુલ બેકાર છે. પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામ હાલમાં પણ ચાલુ જ છે, પરંતુ હાલમાં નવા/જુનિયર કામદારને કામ રાખેલા છે, જો પ્રથમ પક્ષકાર કામે રાખે તો આ વિવાદ ઉભો રાખીને કામે જવા તૈયાર છીએ તેમ જણાવી દાદ માંગેલ છે કે આ કામના પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને કાયદેસરની કાર્યવાહી વગર કે કાયદેસરના હકકો ચૂકવ્યા વગર એકમાત્ર મૌખિક હુકમથી તા.૩૧/૧૦/૨૦૦૦ ના રોજથી છૂટા કરેલ છે અને સંસ્થાનું આ પગલું ગેરકાયદેસર, આઈ.ડી.એકટ તથા કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરૂધ્ધનું કૃત્ય છે તેમ જાહેર કરી, તે રદબાતલ ઠરાવવા અને પડેલા દિવસોના પૂરા પગાર તથા અન્ય તમામ આનુષાંગિક લાભો સહિત તેઓની મૂળ જગ્યાએ સળંગ નોકરી ગણી પુન: સ્થાપિત કરે તેવો હુકમ કરવા અને આ વિવાદનું ખર્ચ રૂા.૫,૦૦૦/– અપાવવા અરજ કરેલ છે.

૧૩. પ્રથમ પક્ષકારનો બચાવ એવો છે કે બીજા પક્ષકારના માંગણાનાં નિવેદનમાં જણાવેલી હકીકત ખરી નથી અને કબૂલ મંજૂર નથી અને તે બીજા પક્ષકારને સ્પષ્ટપણે સાબિત કરવા જણાવીએ છીએ તેમ જણાવી સત્ય હકીકતો પ્રત્યે નામદાર કોર્ટનું ઘ્યાન દોરીને જણાવે છે કે પ્રથમ પક્ષકાર નં.૧ કંપનીએ બીજા પક્ષકારને કયારેય પણ કંપનીના કામદાર તરીકે કામ ઉપર રાખેલા ન હતા તેમજ માલિક અને કામદારનો સબંધ પ્રસ્થાપિત થયેલ ન હતો, તે સંજોગોમાં કંપની સામે કરેલો રેફરન્સ કેસ કાયદેસર રીતે ચાલી શકે તેમ ન હોય રદ થવાને પાત્ર છે. પ્રથમ પક્ષકાર નં.૧ ની વધુમાં રજૂઆત છે કે કંપનીએ પ્રથમ પક્ષકાર નં.ર આર.પી. કોર્પોરેશનને કોર્ન/કેન્ડી ડિપાર્ટમેન્ટમાં લેબર કોન્ટ્રાકટ આપેલ હતો અને નં.ર કોન્ટ્રાકટમાં કામ માટે પોતાના માણસો રોકતા હતા અને કોન્ટ્રાકટનું કામ કરવા માટે જે વ્યકિતઓને રાખતા હતા તે વ્યકિતઓ ઉપરનું સુપરવિઝન અને સંપૂર્ણ કંટ્રોલ નં.ર નો હતો, આ વ્યકિતઓને પગાર નં.ર ચૂકવતા હતા અને હાજરી

પણ નં.૨ કોન્ટ્રાકટર પૂરતા હતા. પ્રથમ પક્ષકાર નં.૧ ની વધુમાં રજૂઆત છે કે ૨૦૦૪ માં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની નોટિસ આવેલ હતી, જેમાં એમોનિયા ગેસનો ઉપયોગ થતો હોય સદર અમદાવાદનું યુનિટ બંધ કરવા બાબતેની નોટિસ આવેલ હતી. ત્યારબાદ નં.૧ કંપનીના અમદાવાદ યુનિટમાં ઉત્પાદનની કામગીરી બંધ છે, કંપનીના કામદારો નોકરીમાંથી રાજીનામું આપી છૂટા થયેલ છે અને કંપનીમાં ચાલતા કોન્ટ્રાકટ પણ રદ કરવામાં આવેલ હતા. કોન્ટ્રાકટ હેઠળ કામ કરતા કામદારોવતી અખિલ ગુજરાત જનરલ મઝદૂર સંઘે માંગણીઓ મૂકેલ અને અને સદર માંગણીના અનુસંધાનમાં વાડીલાલ ઈન્ડસ્ટ્રીઝ લિ., શિવશકિત એન્ટરપ્રાઈઝ અને અખિલ ગુજરાત જનરલ મઝદૂર સંઘ વચ્ચે આઈ.ડી.એકટની ક.૧૨ (૩) હેઠળ તા.૧૪/૧૨/૨૦૦૪ ના રોજ ફુલ એન્ડ ફાઈનલ સેટલમેન્ટ કરવામાં આવેલ હતું અને સદરહુ સમાધાનથી નં.૧ કંપનીમાં ચાલતા તમામ કોન્ટ્રાકટ રદ થયેલ ગણાશે અને કોન્ટ્રાકટમાં આ કામના બીજા પક્ષકાર નં.૨ ના કોન્ટ્રાકટરના કામદાર તરીકે કામ કરતા હતા અને તેઓ સને'૨૦૦૦ ના રોજથી તેઓ જાતે કામ પર આવતા બંધ થઈ ગયેલ હોય ઉપરોકત સમાધાન મુજબનો હકકો પણ મેળવવા માટે હકદાર થતા નથી, આમ નં.૧ વચ્ચે માલિક કામદારનો સબંધ પ્રસ્થાપિત થતો ન હોય સદરહુ રેફરન્સ ખર્ચ સહિત રદ થવાને પાત્ર છે.

**૧૪.** આ કામે બીજા પક્ષકાર કોર્ટ સમક્ષ હાજર થઈ તેઓના કેસના સમર્થનમાં સોગંદ ઉપર જૂબાની આપેલ નથી કે તે અંગેનો કોઈ દસ્તાવેજી પૂરાવો રજૂ કરેલ નથી. આ કામે પ્રથમ પક્ષકારે એવો બચાવ લીધેલ છે કે બીજા પક્ષકાર વર્ષ'૨૦૦૦ ના રોજથી જાતે કામ પર આવતા બંધ થઈ ગયેલા જેથી તેઓ કોઈ લાભો મેળવવા હકદાર ના હોય અરજી નામંજૂર કરવા અરજ કરેલ છે,

આમ બીજા પક્ષકાર તેમનો કેસ કોર્ટ સમક્ષ સ્પષ્ટ પૂરાવાથી સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નં.૧ અને મુદ્દા નં.૨ નો જવાબ નકારમાં આપીને મુદ્દા નં.૩ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**: હુ ક મ :**

**૧.** બીજા પક્ષકારનો રેફરન્સ (એલ.સી.એ.) નં.૩૧૮/૨૦૧૦ આથી પૂરાવાના અભાવે નામંજૂર કરવામાં આવે છે.

**૨.** ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

તારીખ : ૧૮/૧/૨૦૨૦.
સ્થળ : અમદાવાદ.
CODE: GJ00748

(ધીરેન જગદીશભાઈ ઠાકર)
પ્રમુખ અધિકારી,
મજૂર અદાલત નં.૨, અમદાવાદ.

HMPRAJAPATI,PA.